
# મોદી સપ્ટેમ્બરમાં અમેરિકા જશે



નવીદિલ્હી, તા.૧૧

અમેરિકાની મુલાકાત લેવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને વિધિવત આમંત્રણ આપીને અમેરિકી પ્રમુખ બરાક ઓબામાએ ૨૧મી સદીમાં સંબંધોને વધુ મજબૂત બનાવવા તેમની સાથે કામ કરવાની ઉત્સુકતા દર્શાવી છે. આમંત્રણ આપવા બદલ ઓબામાનો આભાર માનીને મોદીએ કહ્યું છે કે, તેઓ નક્કર પરિણામો સાથે સપ્ટેમ્બરમાં પરિણામલક્ષી મુલાકાત લેવા માટે ઇચ્છુક છે. આની સાથે જ વ્યૂહાત્મક ભાગીદારીની દિશામાં એક નવી શરૂઆત થશે. ઓબામાનું આમંત્રણપત્ર મોદીને અમેરિકી વિદેશવિભાગના નાયબ પ્રધાન વિલિયમ્સ બર્ન દ્વારા તેમને આપવામાં આવ્યું હતું. બર્ન હાલમાં જ મોદીને મળ્યા હતા. પત્રમાં ઓબામાએ સપ્ટેમ્બરમાં વોશિંગ્ટનની મુલાકાત લેવા મોદીને આમંત્રણ આપ્યું છે. ૨૧મી સદીમાં ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો ખુબ જ નિર્ણાયક રહેશે તેમ માનવામાં આવે છે. પીએમઓ દ્વારા આજે જારી કરવામાં આવેલા એક નિવેદનમાં આ મુજબની વાત કરી હતી. બીજી બાજુ મોદીએ પણ અમેરિકા મુલાકાત લેવાની ઇચ્છા વ્યક્ત કરી છે. મોદીએ એવો મત વ્યક્ત કર્યો છે કે, ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો વધુ મજબૂત બને તે જરૂરી છે. ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો અંગે પોતાની રજૂઆત કરતા મોદીએ કહ્યું હતું કે, વિશ્વની સૌથી જુની અને મોટી લોકશાહી વચ્ચેના સંબંધો માત્ર બંને દેશોના લાભ સુધી જ મર્યાદિત રહેવા જોઇએ નહીં બલ્કે વિશ્વમાં શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિ માટે એક પાવરફુલ ફોર્સ તરીકે રહેવા જોઇએ.અત્રે ઉલ્લેખનીય છે કે, નરેન્દ્ર મોદીની યાત્રા સામે અગાઉ અમેરિકાએ સતત વાંધો ઉઠાવ્યો હતો પરંતુ મોદી લોકસભાની ચૂંટણીમાં જીતી ગયા બાદથી વિઝાને લઇને વિવાદનો અંત આવી ગયો છે. અમેરિકાએ પોતે હવે નરેન્દ્ર મોદી માટેના પ્રવેશદ્વાર ખોલી દીધા છે.

## મોદીના આદેશ પર ૧૧૧૦૦ ફાઈલ નષ્ટ થઈ : ગૃહ મંત્રાલય

નવીદિલ્હી, તા.૧૧

કેન્દ્રીય ગૃહમંત્રાલય દ્વારા આજે રાજ્યસભામાં માહિતી આપવામાં આવી હતી કે, ૧૧૧૦૦ ફાઈલો મોદીના આદેશ ઉપર નષ્ટ કરી દેવામાં આવી છે પરંતુ આ ફાઈલો એવી હતી જે કામની ન હતી. તમામ સરકારી વિભાગોને બિનજરૂરી અને બિનઉપયોગી ફાઈલોને કાઢી નાંખવાની સૂચના વડાપ્રધાન તરફથી મળી છે. ગૃહમંત્રાલય દ્વારા જણાવવામાં આવ્યું છે કે, એવી કોઈ ફાઈલો નષ્ટ કરવામાં આવી નથી જે ઐતિહાસિક ઘટનાક્રમ સાથે સંબંધિત છે. જેમાં મહાત્મા ગાંધીની હત્યાની ફાઈલનો સમાવેશ થાય છે. બુધવારના દિવસે સીપીએમના સાંસદ પી રાજીવે રાજ્યસભામાં મુદ્દો ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે, મિડિયામાં એવા અહેવાલ આવ્યા છે કે, કેબિનેટ સચિવે સરકારી વિભાગોને બિનજરૂરી ફાઈલો અને પેપરો કાઢી નાંખવાની સૂચના આપ્યા બાદથી ૧.૫ લાખ ફાઈલો નષ્ટ કરી દેવામાં આવી છે. આ ફાઈલોમાં રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદના પગાર, પેન્શનમાં ભૂતપૂર્વ વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીના પગાર અને પેન્શનની બાબતોનો સમાવેશ થાય છે. કેબિનેટ સચિવના આદેશો સરકારી વિભાગોને આપવામાં આવ્યા હતા. તમામ સચિવો સાથે ચોથી જુનના દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બેઠક યોજી હતી જેમાં મોદીએ કામની સંસ્કૃતિ અને કામનું પર્યાવરણ સુધારવા ભાર મુક્યો હતો જેમાં હાઈજીન અને કામ સ્થળ ઉપર સ્વચ્છતાની બાબતનો સમાવેશ થાય છે. મિડિયામાં અહેવાલ આવ્યા બાદથી એવી ચર્ચા હતી કે, નરેન્દ્ર મોદી સરકાર ઘણી બધી કામની ફાઈલોને નષ્ટ કરી દેશે. કેટલીક વિવાદાસ્પદ ફાઈલો પણ નષ્ટ કરી દેશે. જો કે, કેન્દ્રીય ગૃહમંત્રાલય દ્વારા આજે સ્પષ્ટતા કરાઈ હતી કે, ૧૧૧૦૦ જેટલી ફાઈલો જ નષ્ટ કરવામાં આવી છે. આ તમામ ફાઈલો બિલકુલ બિનજરૂરી હતી.

## એક થા વિલનની કમાણી ૧૦૦ કરોડ પહોંચી ગઈ

મુંબઈ,તા. ૧૧

એક થા વિલન બોક્સ ઓફિસ ઉપર અપેક્ષા કરતા વધુ સફળતા મેળવવામાં સફળ રહી છે. મોહિત સુરીના નિર્દેશનની બીજી ફિલ્મ છે જે ૧૦૦ કરોડની કમાણી કરવામાં સફળ રહી છે. મોહિત સુરીએ અગાઉ આશિકી-૨ ફિલ્મ બનાવી હતી જે બોક્સ ઓફિસ પર રેકોર્ડ સફળતા મેળવી ગઈ હતી. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, શુક્રવારના દિવસે આ ફિલ્મ રજૂ થયા બાદ ૧૬ કરોડની કમાણી પ્રથમ દિવસે કરી ગઈ હતી. ત્યારબાદ સપ્તાહના ગાળામાં ૫૦ કરોડ ઉપર પહોંચી હતી. હવે બે સપ્તાહના ગાળા બાદ આ ફિલ્મ કમાણીમાં ૧૦૦ કરોડનો આંકડો પાર કરી ચુકી છે. આગામી સપ્તાહમાં આ ફિલ્મ સાથે હવે બે નવી ફિલ્મોની સ્પર્ધા થશે જેમાં બોબી જાસુસ અને લેકર હમ દિવાના દિલનો સમાવેશ થાય છે. એક વિલનને આ બન્ને ફિલ્મો કરતા હજુ પણ વધુ સફળતા મળી શકે છે. ભટ્ટ કેમ્પની બહાર પ્રથમ વખત મોહિત સુરીએ ભૂમિકા ભજવી છે. એક થા વિલનની સાથે જ સિદ્ધાર્થ મલ્હોત્રાએ પણ ૧૦૦ કરોડની ક્લબમાં એન્ટ્રી કરી દીધી છે. જ્યારે રિતેશ દેશમુખની આ આંકડા પર પહોંચનાર ત્રીજી ફિલ્મ છે. ફિલ્મની સફળતાને લઈને પાર્ટી પણ કરવામાં આવી ચુકી છે. આગામી દિવસોમાં વધુ એક પાર્ટીનું આયોજન કરવામાં આવનાર છે. સિદ્ધાર્થે સ્ટુડન્ટ ઓફ ધ યર અને શ્રદ્ધા કપુરે આશિકી-૨ ફિલ્મ સાથે લોકપ્રિયતા મેળવી હતી. ત્યારબાદથી બન્ને પાસે નવી ફિલ્મોની ઓફરો આવી રહી છે.

### મોરપીંછના રંગ (પાના નં. ૪ નું ચાલુ)

પન્નાલાલ પટેલના કાળુ-રાજુ, કાનજી-જીવી, આપણા ગ્રામ્ય સમાજમાં જીવતા જીવંત પાત્રો છે. પન્નાલાલે 'જ્ઞાનપીઠ'ને ધ્યાનમાં રાખી માનવીની ભવાઈનું સર્જન નહોતું કર્યું. એમને આખા સમાજની સંવેદના જગાડવી હતી. સમાજનું વાસ્તવિક ચિત્રણ આપવું હતું તે આપ્યું અને 'જ્ઞાનપીઠ' પણ મળ્યો. ગ્રામ્ય જીવનના આદર્શોની આખી પરંપરા રજૂ કરીને સમાજને એમના સર્જનથી અભિમુખ કર્યો. આ થયો સર્જક ધર્મ. 'લઘરા' જેવા પાત્રોને સમજનારો વર્ગ કેટલો ? પરંતુ એ જ 'લઘરા'ને રમણીય ભાષામાં, આધુનિક પણ સરળ શૈલીમાં, અલંકૃત પણ આટા-પાટા વિનાની ભાષામાં એની વ્યથાને-પીડાને અભિવ્યક્ત કરી હોત તો કદાચ ભલે અકાદમીનું પારિતોષિક ન મળ્યું હોત પણ સમાજના મોટાભાગનો વર્ગ એને સમજી શક્યો હોત. અનુભવી શક્યો હોત તો શું એ જ સર્જકનું મોટું પારિતોષિક નથી ?

આમ આજના આધુનિક ઈન્ટરનેટની ભ્રામક દુનિયાના સર્જકોએ ભાષામાં પોકળ વૈભવથી દૂર રહીને સરળ શૈલીમાં સમાજની એક-એક વ્યક્તિ સમજી શકે એવી સંવેદનાત્મક શૈલીમાં સાહિત્ય સર્જન કરવાનો સમય હવે આવી ગયો છે. પોતાનો નિજી સ્વાર્થ ત્યજીને પુરસ્કારની ભાવનાનું વિસ્તરતું માપ ટૂંકાવીને હવે સર્જકોએ વર્તમાનને ઓળખવાનો સમય આવી ગયો છે. આપણી ભુલાઈ ગયેલી પરંપરા, આદર્શો, સંસ્કારો અને સંવેદનતંત્ર સર્જકોએ ફરીથી જાગૃત કરવાની જરૂર છે, જીવંત કરવાની છે. આજનો ભારતીય સમાજ પોતાનો રક્તરંજિત ચહેરો આજના સર્જાતા સાહિત્યમાં સ્પષ્ટ જોઈ શકશે તો જ ભારત દેશનું ભવિષ્ય ઉજવળ બનશે નહિતર અંધકારની ઊંડી ખાઈમાં ધકેલાતા જતા ભારતને કોઈ નહીં બચાવી શકે.

હે સર્જકો...! જાગો, તમારી કલમમાં એ તાકાત છે કે એ મૃત્યુ પામેલા માણસના હૃદયને પણ ધબકતું કરી શકે છે. જ્યારે આપણે તો ધબકતા હૃદયને સમજણ સાથે સંવેદનશીલ બનાવવાનું છે. આપણો એક લેખ, નિબંધ, વાર્તા, નવલકથા કે કાવ્ય કે એક શબ્દ હજારો-લાખો લોકોના જીવ બચાવી શકે છે તો હે સર્જકો, હવે જાગૃત થાવ અને એવા સાહિત્યનું સર્જન કરો.

## વસ્તીના મામલામાં દિલ્હી વિશ્વમાં બીજા ક્રમાંકે પહોંચ્યુ

### જાપાની પાટનગર ટોકિયો પ્રથમ સ્થાન પર

નવી દિલ્હી,તા. ૧૧

તાજેતરમાં ।જારી કરવામાં આવેલા નવા આહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે દિલ્હી વિશ્વમાં વસ્તીના મામલે હવે બીજા સ્થાને પહોંચી ગયું છે. દિલ્હીમાં વસ્તી રેકોર્ડ ગતિએ વધી રહી છે. સૌથી વધારે વસ્તી ધરાવનાર શહેરમાં જાપાની પાટનગર ટોકિયો પ્રથમ ક્રમાંકે છે. યુએના અહેવાલમાં ।દાવો કરવામાં આવ્યો છે કે દિલ્હી હવે વિશ્વમાં સૌથી વધારે વસ્તી ધરાવનાર બીજા નંબરના શહેર તરીકે છે. આંકડામાં દાવો કરવામાં આવ્યો છે કે દિલ્હીમાં વસ્તી વર્ષ ૧૯૯૦માં જે હતી તેની સરખામણીમાં બે ગણી થઈ ગઈ છે. હવે વસ્તી ૨૫ મિલિયન સુધી પહોંચી છે. ગઈકાલે જારી કરવામાં આવલા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો હતો કે વર્ષ ૨૦૫૦ સુધીમાં ભારત તેની શહેરી વસ્તીમાં સૌથી વધારે લોકો ઉમેરી લેશે. વર્ષ ૨૦૧૪માં જાપાની પાટનગર ટોકિયો પ્રથમ સ્થાને છે. તેની વસ્તી ૩૮ મિલિયનની આસપાસ નોંધાઈ છે. વાણિજ્ય પાટનગર મુંબઈ વિશ્વમાં છઠ્ઠા સ્થાને છે. વર્ષ ૨૦૩૦ સુધી તે વસ્તી મામલે ચોથા સૌથી મોટા શહેર તરીકે ઉભરી આવે તેવી શક્યતા છે. ટોકિયો અને દિલ્હી ।બાદ ત્રીજા સ્થાને



સંઘાઈ છે. તેની વસ્તી ૨૩ મિલિયન છે. મેક્સિકો સિટી, મુંબઈ અને સાઉ પોલો વર્ષ ૨૦૧૪ના આંકડા મુજબ ૨૧ મિલિયનની આસપાસ વસ્તી ધરાવે છે. વસ્તીના મામલે દિલ્હી આગળ રહેવા માટે કેટલાક કારણો છે. વસ્તી વધવા માટે જે કારણો રહેલા છે તેમાં રોજગારીની તકની બાબત પણ સામેલ છે. કારણ કે લોકો બહારથી મોટી સંખ્યમાં આવે છે.

વિશ્વની શહેરી વસ્તી પૈકી ૩૦ ટકા વસ્તી ભારત અને ચીનમાં છે. બે મહાકાય એશિયન દેશોની સાથે સાથે બ્રાઝિલ, અમેરિકા, ઈન્ડોનેશિયા, જાપાન અને રશિયા વિશ્વની શહેરી વસ્તી પૈકી અડધાથી વધુ વસ્તી ધરાવે છે. વિશ્વની ૫૪ ટકાની આસપાસની વસ્તી હાલમાં શહેરી વિસ્તારમાં રહે છે. આ વસ્તીમાં ૨૦૫૦ સુધીમાં ૬૬ ટકાનો વધારો થઈ શકે છે. ગ્રામીણ વિસ્તારોમાં વિશ્વભરમાં રહેનાર લોકોની સંખ્યા આશરે ૩.૪ અબજ છે. ભારતમાં હાલ ગ્રામીણ વસ્તી ૮૫૭ મિલિયનની છે જ્યારે ચીનની ગ્રામીણ વસ્તી ૬૩૫ મિલિયનની છે.

ભારતના શહેરો પૈકી ચાર શહેરો અમદાવાદ, બેંગ્લોર, ચેન્નાઈ અને હૈદરાબાદ ૫થી ૧૦ મિલિયન લોકોની સાથે આવનાર વર્ષોમાં મેગાસિટી બનવા જઈ રહ્યા છે. ભારતના મોટા શહેરોમાં કોલકાતા, બેંગ્લોર, ચેન્નાઈ, હૈદરાબાદ, અમદાવાદ, પુણે અને સુરત ૨૦૩૦ સુધી તેની વસ્તીમાં ૨૭ મિલિયન લોકો ઉમેરશે. ૨૦૩૦ સુધી કોલકાતા, બેંગ્લોર, ચેન્નાઈ અને હૈદરાબાદ વિશ્વના ટોપ ૧૪ શહેરોમાં સામેલ થશે.

## બ્રોડર માર્કેટ તુટ્યું : સેંસેક્સમાં ૩૪૮ પોઇન્ટનો થયેલો ઘટાડો

મુંબઈ, તા.૧૧

શેરબજારમાં આજે પણ નિરાશાનો માહોલ જોવા મળ્યો હતો. નાણામંત્રી અરુણ જેટલીએ તેમના પ્રથમ બજેટમાં વિકાસની રૂપરેખા રજૂ કરી હોવા છતાં શેરબજાર માટે બજેટ અપેક્ષારૂપ નહીં રહેતા નિરાશા જોવા મળી રહી છે. સર્વગ્રાહી સુધારાની જાહેરાત ન કરાતા તેની અસર જોવા મળી હતી. બીએસઈ સેંસેક્સમાં આજે ૩૪૮ પોઈન્ટનો ઘટાડો થતાં તેની સપાટી ૨૫૦૨૪ ઉપર પહોંચી ગઈ હતી. હાલમાં એવું માનવામાં આવી રહ્યું હતું કે, સેંસેક્સ ૨૬૦૦૦ની સપાટીને કુદાવી દેશે પરંતુ આ સ્થિતિ સર્જાઈ ન હતી. નિફ્ટી આજે ૧૦૮ પોઈન્ટ ઘટીને ૭૪૬૦ની સપાટીએ રહ્યો હતો. બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ



ઈન્ડેક્સમાં ક્રમશ ૨.૫ ટકા અને ૩ ટકાનો ઘટાડો રહ્યો હતો. બીજી બાજુ ઈન્ડસ્ટ્રીયલ ઉત્પાદન મે ૨૦૧૪માં ૩.૮ ટકા રહ્યો છે જે એપ્રિલમાં ૩.૪ ટકા કરતા વધારે છે. સરકાર મે ૨૦૧૪ માટેના ઔદ્યોગિક ઉત્પાદનના આંકડા જારી કરી ચુકી છે. વિદેશી પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો દ્વારા ગુરુવારના દિવસે બજેટના દિવસે ૧૬૧.૫૫ કરોડનો શેરની ખરીદી કરવામાં આવી હતી. મોટાભાગના એશિયન બજારોમાં આજે મંદીનું મોજુ રહ્યું હતું. મૂડીરો કાણકારો દ્વારા સાવધાનીપૂર્વકનું વલણ અપનાવવામાં આવ્યું છે. જાપાનના ઈન્ડેક્સમાં પાંચમાં દિવસે ઘટાડો રહ્યો હતો. સેકટરલ મોરચે રિયાલીટી ઈન્ડેક્સમાં સૌથી વધુ પાંચ ટકાનો ઘટાડો રહ્યો હતો. કેન્દ્રીય બજેટમાં નાણા મંત્રી દ્વારા કરવામાં આવેલી કેટલીક જાહેરાતોના પરિણામ સ્વરુપે કારોબારીઓ દ્વારા શરૂઆતમાં રસ દર્શાવ્યા બાદ પ્રોફિટ લેવાની સ્થિતિ વચ્ચે આ ઘટાડો જોવા મળ્યો હતો. કેપિટલ ગુડ્ઝ, પાવર, મેટલ, ઓઈલ એન્ડ ગેસમાં ૧-૫ ટકા વચ્ચેનો ઘટાડો રહ્યો હતો. સેંસેક્સના જે શેરમાં સૌથી વધુ ઘટાડો રહ્યો હતો તેમાં ભેલનો સમાવેશ થાય છે. ભેલના શેરમાં આઠ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. બજારમાં માર્કેટ બ્રીડ્થ નકારાત્મક રહી હતી. ૨૨૧૭ શેરમાં મંદી અને ૭૧૦ શેરમાં તેજી રહી હતી.

### ૨૪ વર્ષ બાદ વર્લ્ડ કપ જીતવા જર્મની તૈયાર

## આવતીકાલે ફીફા વર્લ્ડ કપની ફાઇનલ મેચ જર્મની અને આર્જેન્ટિના વચ્ચે રમાશે

રિયો ડી જિનેરિયો,તા. ૧૧

રિયો ડી જેનેરિયોના મારાકાના સ્ટેડિયમ પર આવતીકાલે મોડી રાત્રે ફીફા વર્લ્ડ કપની ફાઈનલ મેચ જર્મની અને આર્જેન્ટિના વચ્ચે રમાનાર છે. ફાઈટ ટુ ફિનિશ જંગને નિહાળવા માટે કરોડો લોકો ઉત્સુક દેખાઈ રહ્યા છે. જર્મનીના સ્ટાર ખેલાડીઓનો નૈતિક જુસ્સો ચરમસીમા પર છે.યજમાન બ્રાઝિલને સેમીફાઈનલમાં ૭-૧થી કચડી નાંખવામાં આવ્યા બાદ તેની પાસેથી ચાહકોને અપેક્ષા વધી ગઈ છે. જર્મની ૨૪ વર્ષના લાંબા ગાળા બાદ ફરી વર્લ્ડ કપ જીતવા તૈયાર છે. તે જો આ વર્લ્ડ કપ જીતશે તો તેની ચોથી ટ્રોફી રહેશે. જર્મનીની ટીમ આઠમી વખત ફાઈનલમાં રમનાર છે. વર્ષ ૨૦૦૨માં બ્રાઝિલ સામે તેની ૨-૦થી હાર થઈ હતી. આર્જેન્ટિના અને જર્મની હવે વર્લ્ડ કપના ફાઈનલમાં રમશે. તેમની વચ્ચે સાતમી વર્લ્ડ કપની મેચ રહેશે. પારસ્પરિક રીતે આટલી મેચ માત્ર બ્રાઝિલ અને સ્વીડને રમ્યા છે. દક્ષિણ અમેરિકામાં થયેલા વર્લ્ડ કપ



દક્ષિણ અમેરિકી ટીમોએ જીત્યા છે હવે ૧૩મી જાણવા મળશે કે આર્જેન્ટિના આ પંરપરાને જાળવી રાખે છે કે પછી જર્મની જીત મેળવે છે.અગાઉ સાઓ પાઉલો ખાતે રમાયેલી ફીફા વર્લ્ડ કપની રોમાંચક બીજી સેમીફાઈનલમાં આર્જેન્ટિનાએ પેનલ્ટી શુટ આઉટમાં નેધરલેન્ડને હાર આપીને ફાઈનલમાં એન્ટ્રી કરી લીધી હતી. નેધરલેન્ડ અને આર્જેન્ટિના વચ્ચે બીજી સેમીફાઈનલ મેચમાં બન્ને ટીમો નિર્ધારિત સમયમાં ગોલ કરવામાં નિષ્ફળ રહી હતી. આર્જેન્ટિનાની જીતમાં દોલકિપર રોમેરોની ભૂમિકા રહી હતી. રોમેરોએ નેધરલેન્ડ તરફથી બ્લાર અને સ્નાઈડરના ગોલ રોકી લીધા હતી. ફીફા વર્લ્ડ કપને લઈને ફુટબોલ ક્રેઝ પહેલાથી જ ચરમસીમા પર છે. યજમાન બ્રાઝિલની હારને ભુલી જઈને સ્થાનિક ચાહકો વધુ એક રોમાંચક મેચ જોવા તૈયાર છે. સૌથી રસપ્રદ બાબત એ છે કે બ્રાઝિલમાં બીજી વખત વિશ્વ કપ ફુટબોલનુ આયોજન કરવામાં આવ્યું છે. વર્ષ ૧૯૫૦માં પણ બ્રાઝિલમાં વિશ્વ કપનુ આયોજન કરવામાં આવ્યું હતુ. બ્રાઝિલને વર્ષ ૨૦૦૭માં યજમાન દેશ તરીકે જાહેર કરવામાં આવ્યા બાદથી જ બ્રાઝિલમાં ભારે ઉત્સુકતા હતી. ઈન્ટરનેશનલ ફુટબોલ ફેડરેશન ફીફા દ્વારા વર્ષ ૧૯૭૮ બાદથી પ્રથમ વખત દક્ષિણ અમેરિકામાં વિશ્વ કપ યોજવાની જાહેરાત કરી હતી. એકંદરે પાંચ વખત આનુ આયોજન અહીં કરવામાં આવી ચુક્યું છે.જુન ૨૦૧૧માં ક્વાલિફિકેશન સ્પર્ધા શરૂ થઈ હતી. જેમાં ૩૨ દેશોની રાષ્ટ્રીય ટીમો જોડાઈ હતી.

## અમરનાથ દર્શન માટે નવી બેચ રવાના થઈ

જમ્મુ,તા.૧૧

અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા વચ્ચે દક્ષિણ કાશ્મીર હિમાલયમાં સ્થિત અમરનાથ ગુફામાં ભગવાન શિવના દર્શન કરવા માટે ૨૨૪૯ શ્રદ્ધાળુઓની નવી ટુકડી રવાના થઈ હતી. નવી ટુકડીમાં ૧૬૬૫ પુરુષો, ૪૨૧ મહિલાઓ અને ૨૫ બાળકોનો સમાવેશ થાય છે. આ કાફલો જમ્મુમાં ભગવતીનગર



બેઝ કેમ્પથી ૬૪ વાહનોના કાફલામાં રવાના થયો હતો. વહેલી પરોઢે ૪.૧૮ વાગે આ શ્રદ્ધાળુઓ રવાના થયા હતા. અમરનાથ માટે જમ્મુથી રવાના થયેલા શ્રદ્ધાળુઓની સંખ્યા આની સાથે જ વધીને ૨૭૯૧૯ ઉપર પહોંચી ગઈ છે. અમરનાથ યાત્રા શાંતિપૂર્ણરીતે આગળ વધી રહી છે. લાખો શ્રદ્ધાળુઓ તેમની નોંધણી કરાવી ચુક્યા છે. છેલ્લા સમાચાર મળ્યા ત્યારે આ શ્રદ્ધાળુ જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય રાજમાર્ગને પાર કરીને પટણી ટોપ ઉપર પહોંચી ગયા હતા. મોડી સાંજ સુધી તેઓ બલતાલ અને પહેલગામ ખાતે તેમના સંબંધિત સ્થળ ઉપર પહોંચી ગયા હતા. લાખો શ્રદ્ધાળુઓ અમરનાથમાં દર્શન કરવા માટે ઉત્સુક બની ચુક્યા છે. હજુ સુધી જુદા જુદા કારણોસર ૧૨ શ્રદ્ધાળુઓના મોત થઈ ચુક્યા છે. અમરનાથ દર્શન માટે શ્રદ્ધાળુઓને સુરક્ષા આપવા તમામ પગલા લેવાયા છે. શ્રદ્ધાળુઓની સાથે આજે સવારે પણ સુરક્ષા જવાનો હતા.

## સમાચાર ઝલક

- શ્રાવણ માસના પ્રારંભ પૂર્વે ફરાળી વાનગીઓની બોલબાલા. પીઝા-ખાખરા-હાંડવો ફેવરીટ.
- હ્યુસ્ટનમાં ગોળીબારથી ચાર બાળકો સહિત ૬ નાં મૃત્યુ.
- અંબિકેશ્વર મહાદેવ અંબાજીમાં જળ ડુબાડીને મેઘરાજાને મનાવવા અનોખો યજ્ઞ કરાયો.
- વાલોડ તાલુકાના કલકવા ગામના આદિવાસી ખેડૂત રાજેશ ચૌધરીએ ૧૦ વીઘામાં રીંગણ-ગવારના પાક વડે લાખોની કમાણી કરી-પુત્રીને ડોકટર બનાવી.
- પંજાબમાં માદક દ્રવ્યોની લતમાં ફસાતાં સગીર બાળકો.
- જાણીતી અભિનેત્રી જોહરા સહગલનું ૧૦૨ વર્ષની વયે અવસાન.
- પુનામાં પોલીસ સ્ટેશનમાં જ વિસ્ફોટ થયો.
- થરાઈમાં ચોર માર્ગે દોડતી ૨૦ ટ્રકો પકડાઈ.
- ભાજપના સંસદસભ્યને ત્યાંથી ચોરી રૂ. ૫૦,૦૦૦ની નોંધાઈ. ચોરે ૧ કરોડથી વધુ રકમની ચોરી કબુલી.
- મહિલાઓ પર અત્યાચારમાં ગુજરાત મોખરે.
- ઈરાકમાં મહિલા પત્રકાર સૂલીને બે વર્ષની કેદ-૫૦ કોરડાની સજા. સરકાર વિરૂધ્ધની ચળવળની સજા ફરમાવી.
- મુંબઈમાં સતત વરસી રહેલો વરસાદ. ગીર પંથકમાં પણ વરસાદ થયો.
- કરાંચીમાં હિંસા ખોરી ડામવા જબ્બર ઓપરેશન ૩૦,૦૦૦ જેલ ભેગા.
- દુનિયાભરમાં થતા બાળલગ્નોમાં ૪૦ ટકા તો ભારતમાં થાય છે.
- ૧૫મી ઓગસ્ટથી ફાઈનાન્સીયલ મિશનનો પ્રારંભ દેશમાં દરેકને એક બેંક ખાતું.
- ગુજરાતમાં નોકરી-વ્યવસાયલાયક અડધી વસ્તી બેરોજગાર.
- જાપાનમાં ત્રાટકતું વાવાઝોડું ૫૦ વર્ષનો રેકોર્ડ બ્રેક વરસાદ - વ્યાપક વિનાશ.
- ફિલ્મ અભિનેત્રી બિપાશા બાસુ અને ટર્મન બાવેજાએ વીંટી પહેરાવીને સગાઈ કરી લીધી.
- કોંગ્રેસના હાથમાંથી નાયબ અધ્યક્ષનો હોદ્દો પણ જશે.
- ગુજરાતમાં મધ્યમ વર્ગના દર્દીઓને મફત સારવાર આપવા વિચારણા.
- રાજયભરમાં આજે આસ્થાભરી ગુરૂપૂર્ણિમાની ઉજવણી થશે.